# સરદાર પટેલ યુનિવર્સિટી

યુનિવર્સિટી રોડ, પો. બો. નં. ૧૦
વલ્લભવિદ્યાનગર - ૩૮૮ ૧૨૦ (ગુજરાત) ભારત
નેક એક્રેડિશન : ગ્રેડ 'એ' સીજીપીએ-૩.૨૫
(૨૩-૧-૨૦૧૭ થી ૨૨-૧-૨૦૨૨)

ફોન : (૦૨૬૯૨) ૨૨૬૮૦૮/૮૫
ફેક્ષ નંબર : (૦૨૬૯૨) ૨૩૬૪૭૫
E-mail: exam_spu@spuvvn.edu
Website: www.spuvvn.edu


## પરિપત્ર

### ઓન ડિમાન્ડ એક્ઝામ (On Demand Exam) July-2019
### (B.Sc. All Semester Theory Exam Only)

યુનિવર્સિટી સંલગ્ન બી.એસ.સી. (B.Sc.) અભ્યાસક્રમ ચલાવતી સંલગ્ન કોલેજોમાં જે વિદ્યાર્થીઓએ **એકેડેમીક વર્ષ ૨૦૧૪-૧૫ થી યુનિવર્સિટી મેનેજમેન્ટ સીસ્ટમ અંતર્ગત (Online System) માં એનરોલમેન્ટ કરાવેલ હોઈ તથા નાપાસ થયેલ હોઈ તેવા વિદ્યાર્થીઓની** ઓન ડિમાન્ડ એક્ઝામ (On Demand Exam) નું આયોજન July 2019 માં હાથ ધરવામાં આવશે.

**નોંધ. માસ જૂન-૨૦૧૯માં જે તે કોલેજ દ્વારા ભરવામાં આવેલ પરીક્ષા ફોર્મ માં જે વિદ્યાર્થી રહી ગયા હોય તેઓને (અગ્રીમતાથી) પ્રથમ પસંદગીથી જુલાઇની પરીક્ષાનું ફોર્મ ભરાવવા જાણ કરવામાં આવે છે.**

વધુમાં જણાવવાનુ કે પરીક્ષાનું આયોજન ૧૦ (દસ) દિવસની અંદર પૂર્ણ કરવાનું હોઈ **I, III** અને **V Sem**ની પરીક્ષાઓ એક સાથે સવારના સેશનમાં લેવામાં આવશે જ્યારે **II, IV** અને **VI Sem**ની પરીક્ષાઓ એક સાથે બપોરના સેશનમાં આયોજન કરવામાં આવશે.

ઉપરોક્ત બાબતને ધ્યાને લેતા વિદ્યાર્થી **I, III** અને **IV Sem** માંથી કોઇપણ એક જ સેમેસ્ટરના વિષયોની પરીક્ષા આપી શકશે. દા.ત. વિદ્યાર્થી **I Sem** માં **1 NC** છે **III Sem** માં **1 NC** છે તથા **V Sem** માં **2 NC** વિષયોમાં છે તો વિદ્યાર્થી પોતાની પસંદગી મુજબ જો તેણે **V Sem** ની **NC** ની પરીક્ષા આપવી હોય તો **I & III Sem** ની પરીક્ષા આપી શકશે નહી તેમજ વિદ્યાર્થી **II, IV** અને **VI Sem** માંથી કોઇપણ એક જ સેમેસ્ટરની પરીક્ષા આપી શકશે.

યુનિવર્સિટી દ્વારા નીચે મુજબના સમયપત્રક અનુસાર પરીક્ષાઓનું આયોજન હાથ ધરવામાં આવશે.

| અનુ. | તારીખ | વિગત |
|---|---|---|
| ૧. | ૦૧/૦૭/૨૦૧૯ થી ૦૩/૦૭/૨૦૧૯ | વિદ્યાર્થીઓએ સંબંધકર્તા કોલેજનો સંપર્ક કરી પરીક્ષાઓનું ઓનલાઇન ફોર્મ ભરવાનું રહેશે તથા જરૂરી પરીક્ષા ફી કોલેજમાં જમા કરાવવાની રહેશે. ૦૩/૦૭/૨૦૧૯ સાંજે ૦૫:૦૦ કલાકે પરીક્ષા ફોર્મની લીંક બંધ થઈ જશે.<br>દરેક સેમેસ્ટર દીઠ (Reg + NC) વધુમાં વધુ બસ્સો (૨૦૦) વિદ્યાર્થીઓની પરીક્ષા લેવામાં આવશે.<br>દરેક સેમેસ્ટરમાં કોઇપણ એક વિષયમાં ૨૦૦ વિદ્યાર્થીઓના પરીક્ષા ફોર્મ ભરાઇ ગયા બાદ પોર્ટલ ઉપર પરીક્ષા ફોર્મ ભરાશે નહી.<br>યુનિવર્સિટી દ્વારા પરીક્ષા પ્રોગ્રામની જાહેરાત યુનિવર્સિટી વેબસાઇટ પર તારીખ : ૦૫/૦૭/૨૦૧૯ કરવામાં આવશે. |

| | | |
|---|---|---|
| ૨. | ૦૫/૦૭/૨૦૧૯ થી ૦૬/૦૭/૨૦૧૯ | કોલેજ દ્વારા વિદ્યાર્થીની પરીક્ષા ફી ઓનલાઇન રીસીપ્ટ સાથે યુનિવર્સિટીના પરીક્ષા વિભાગમાં જમા કરાવવાની રહેશે. |
| ૩. | ૦૮/૦૭/૨૦૧૯ થી ૦૯/૦૭/૨૦૧૯ | કોલેજ દ્વારા વિદ્યાર્થીની હોલ ટીકીટની પ્રિન્ટ આઉટ લઇ આચાર્યશ્રીની સહિ કરાવી વિદ્યાર્થીને આપવાની રહેશે. |
| ૪. | ૧૦/૦૭/૨૦૧૯ થી ૨૪/૦૭/૨૦૧૯ | યુનિવર્સિટી દ્વારા જ્ઞાનોદય પરીક્ષા ભવન ખાતે પરીક્ષાનું આયોજન કરવામાં આવશે (**B.Sc. I, III & V Sem. Exam Morning Session** માં તથા **B.Sc. II, IV & VI Sem. Exam Evening Session** માં લેવામાં આવશે.) |
| ૫. | ૧૧/૦૭/૨૦૧૯ થી ૨૬/૦૭/૨૦૧૯ | યુનિવર્સિટી દ્વારા નિમણૂંક કરેલ પરીક્ષકો દ્વારા વિદ્યાર્થીઓની ઉત્તરવહીઓ તપાસવાની કામગીરી કરવામાં આવશે. |
| ૬. | ૨૭/૦૭/૨૦૧૯ થી ૨૮/૦૭/૨૦૧૯ | યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીના માર્કસની એન્ટ્રી કરાવી રીઝલ્ટ પ્રોસેસ કરવામાં આવશે. |
| ૭. | ૨૯/૦૭/૨૦૧૯ | યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીનું પરીણામ જાહેર કરવામાં આવશે. |

નોંધઃ
૧) કોલેજ દ્વારા વિદ્યાર્થીઓનો સંપર્ક કરી સદર પરીક્ષા અંગે માહિતી આપવા તથા તેમને પરીક્ષાની પૂર્વ તૈયારી અંગે રેમેડીયલ કલાસીસનું આયોજન હાથ ધરવું.
૨) ઉપરોક્ત સમયપત્રકમાં જણાવેલ તારીખોમાં રવીવાર, જાહેર રજાઓ તથા બીજા અને ચોથા શનિવારે યુનિવર્સિટી કાર્યાલય બંધ રહેશે.
**૩) On Demand પરીક્ષાઓ ફક્ત Theory Paper માટે લેવામાં આવશે જો વિદ્યાર્થીઓની હોલ ટીકીટમાં Practical Paper દર્શાવવામાં આવેલ હોય તો પણ તે વિષયની પ્રેકટીકલ પરીક્ષા લેવામાં આવશે નહી જેની ખાસ નોંધ લેવી.**
**૪) On Demand પરીક્ષા ની ફી સેમેસ્ટર દિઠ રૂપિયા ૧૦૦૦/- વિદ્યાર્થી પાસેથી કોલેજે લેવાની રહેશે.**

નંબર/ઈ-૩/3470
વલ્લભ વિદ્યાનગર
તારીખ :22/06/19

કાર્યકારી નાયબ કુલસચિવ

નકલ સવિનય રવાના:

૧. યુનિવર્સિટી સંલગ્ન વિજ્ઞાન વિદ્યાશાખાના કોલેજોના આચાર્યશ્રીઓ તરફ જરૂરી જાણ સારૂ તથા યોગ્ય કાર્યવાહી સારૂ.
૨. ડિનશ્રી, વિજ્ઞાન વિદ્યાશાખા, સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર તરફ જાણ સારૂ.
૩. ડાયરેક્ટરશ્રી, કોમ્પ્યુટર સેન્ટર તરફ જરૂરી જાણ સારૂ તથા યોગ્ય કાર્યવાહી સારૂ. યુનિવર્સિટી વેબસાઇટ પર તથા મોબાઇલ એપ પર મુકવું.